# ઝાડેશ્વરમાં વાહનને નુકસાન બદલ ટાઈલ્સના ટુકડાથી હુમલો

**મોપેડમાં** નુકસાની અંગેની તકરારમાં યુવકના પરિવાર પર હુમલો: પિતા-પુત્રને સારવાર અર્થે ખસેડાયા

ભરૂચ: ભરૂચના ઝાડેશ્વર ગામે ગણેશ વિસર્જનના દિવસે શુક્રવારે સાંજે મોટરસાઈકલ અડફેટમાં મોપેડના નુકસાનના ખર્ચ બાબતે થયેલી બબાલમાં વચ્ચે પડેલા એક વ્યક્તિના ગાલ પર ટાઈલ્સનો ટુકડો મારવાની ઘટના બની હતી.

મૂળ યુપીના અને હાલ ઝાડેશ્વર GEB પ્લાન્ટ પાછળ રહેતા શ્રીરામ લાલબહાદુર ગોંડ (ઉ.વ.48) મજૂરીકામ કરે છે. તા.25મી સપ્ટેમ્બરના રોજ તેઓ અને તેમની પત્ની દીકરાને લઈને ઘરે હાજર હતા. ત્યારે દુર્લભ દિનેશભાઈ વસાવા (રહે.,ઝાડેશ્વર) અને આયુષ રાહુલભાઈ રાઠોડ (રહે.,મકતમપુર) મોટરસાઈકલ લઈને આવ્યા હતા. દુર્લભ વસાવાએ તેમની મોટરસાઈકલ નં.(GJ-16-DH-3502)ને તેઓના ઘર પાસે પાર્ક કરેલી વર્ષાબેન સંજયભાઈ વસાવાની મોપેડ નં.(GJ-16-DM-2453) નીચે પાડી દીધી હતી. જે બાબતે વર્ષાબેનની દીકરી હિરલ આવીને પોતાની એક્ટિવા નીચે પડતાં નુકસાનીની માંગ કરી હતી. ત્યારે બંને જણાએ ગાળો બોલી હતી.

એ વખતે શ્રીરામ ગોંડના દીકરાએ કહ્યું કે, તું છોકરીને કેમ ગાળો બોલે છે! આ ઘટના બાદ તેમનો દીકરો દેવો અને તેમની પત્ની ગણેશ વિસર્જન જોઈને ઘરે ફરી આવી ગયાં હતાં. તેમનો દીકરો દેવો ઝાડેશ્વર દુકાને જવા માટે મોપેડ લઈને ઘરેથી નીકળતાં બંને જણા અટકાવીને ગમેતેમ ગાળો બોલવા લાગ્યા હતા. આ ઘટના વખતે તેઓ દોડી આવ્યા હતા. આ તકરારમાં દેવા અને તેની માતા કિરણબેનને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા.

એ વખતે નાનો દીકરો સાહિલ તેઓને છોડાવવા પડતાં મોટરસાઈકલ ચાલકે નજીકમાં ટાઈલ્સનો ટુકડો મારીને અને તેમના પિતા શ્રીરામ ગોંડ છોડાવવા જતાં તેઓના ગાલ પર મારી દેતાં ઈજા થઈ હતી. આ ઘટના અંગે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં પિતા શ્રીરામ ગોંડ અને પુત્ર સાહિલને ટાંકા આવ્યા છે. જ્યારે દેવા અને કિરણબેનને સામાન્ય ઈજા થઈ હતી. જે બાબતે ભરૂચ સી ડિવિઝન પોલીસમાં દુર્લભ વસાવા અને આયુષ રાઠોડ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

# જંગલ જમીન વિવાદ: વનમંત્રીની હાજરીમાં ખેડૂતોને રોકવા પ્રયાસ

**સાંસદ** મનસુખ વસાવા ઘટના સ્થળે પહોંચ્યા, અધિકારીઓ સામે લાલચોળ



ચિકદા, ભરૂચ, સાગબારા: સાગબારા તાલુકામાં જંગલની જમીન ખેડાણનો મુદ્દો હજુ શમ્યો નથી તેમજ વિવાદ વધુ વકરી રહ્યો છે. ખુદ માંડવી ખાતે વન મંત્રીની હાજરી વચ્ચે જ વન વિભાગે સાગબારાના અસરગ્રસ્ત ખેડૂતોને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ ભાજપ સાંસદ મનસુખ વસાવા ઘટનાસ્થળે પહોંચીને લાલચોળ થઈ ગયા હતા.

ઓગસ્ટ મહિનાના અંતમાં સરકારના બે મંત્રીએ આવીને લાંબા સમયથી ચાલતા ધરણાનાં પારણા કરાવ્યાં હતાં. જેને લઈને મહદઅંશે લોકોને જમીન ખેડવાના સંજોગો દેખાતા હતા. જોકે, બીજા દિવસે હળ લઈને જમીન ખેડવા જતાં જ વન વિભાગે તેઓને અટકાવ્યા હતા.

જંગલની જમીનમાં આદિવાસીઓને ખેડવા માટે પગ મૂકવા દેવાતો નથી. ફરીવાર હાલમાં વન વિભાગના RFO, ACF, DFO અને પોલીસ ટીમ દોડી આવી પહોંચી હતી અને અસરગ્રસ્ત મહિલાઓ સહિત ખેડૂતોને તેમના ખેતીમાં વપરાતા હળ, બળદોને ટેમ્પોમાં ભરીને રેન્જ ફોરેસ્ટ ઓફિસે લઈ જવાના પ્રયાસ કરતા હતા.

જોકે, આ ઘટનાથી વાકેફ થતાં તાબડતોબ ઘટના સ્થળે મનસુખ વસાવા આવી પહોંચતાં તેઓ આગબબુલા થઈ ગયા હતા. સાંસદ મનસુખ વસાવાએ સરકાર અને વન વિભાગની બેધારી નીતિ સામે આકરા પ્રહારો કરતાં અકળાઈને કહ્યું કે, ઉમરપાડાના આદિવાસી ખેડૂતોને જમીન ખેડવાની છૂટ આપવામાં આવે છે, અને છેલ્લાં 20 વર્ષથી જમીન ખેડતા સાગબારાના આદિવાસી ખેડૂતો પર જંગલ ખાતું અને પોલીસ ખાતું જુલમ ગુજારીને તેમને ખેડાણ કરતાં અટકાવે છે.

વધુમાં સાંસદે કહ્યું કે, ટેમ્પોના ડ્રાઈવરના ફોન પરથી RFO અશોક વસાવા સાથે વાતચીત કરી ત્યારે તેમને જાણવા મળ્યું કે, વનમંત્રી અર્જુન મોઢવાડિયાની સૂચનાથી જ આ તમામ ખેડૂતોને પકડીને રેન્જ ઓફિસે લાવવામાં આવી રહ્યા છે.

આ બાબતે સાગબારાના ખેડૂતોનો સળગતો અને ગંભીર પ્રશ્ન બાબતે વન મંત્રીને સીધો સવાલ છે કે તેઓ આદિવાસીઓના સમર્થનમાં છે કે પછી વિરોધી માનસ ધરાવે છે. વન મંત્રી ધારો કે માંડવી ખાતે આવ્યા ત્યારે અમને બોલાવવા જોઈએ. આ પ્રશ્ને હું પોતે લડું છું, જેથી બેધારી પોલિસી હવે નહીં ચાલે.

વધુમાં વસાવાએ જણાવ્યું કે, આદિવાસી ગરીબ ખેડૂતો, મહિલાઓ અને તેઓના પશુઓને વાહનોમાં ભરી લઈ જવાની જુલમ કરવાનો પ્રયાસ હતો. વન વિભાગના DFO, કન્ઝર્વેટર તેમજ સુરત કલેક્ટર દ્વારા આદિવાસી વિસ્તારોના લોકોને ડરાવવામાં અને ધમકાવવામાં આવી રહ્યા હોવાનો ગંભીર આક્ષેપ કરાયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### સરકુઈમાં પૂરપાટ આવતી ટ્રકે અડફેટે લેતાં યુવાનનું મોત


હિતેશ પટેલ

માંડવી : માંડવી તાલુકાના સરકુઈ ગામની સીમમાં ઉકાઈ-ફેદરિયા રોડ પર પૂરપાટ ઝડપે આવતી ટ્રકે બાઈકને અડફેટે લેતાં એક 23 વર્ષીય યુવાનનું કરુણ મોત નીપજ્યું હતું.

મૂળ તાપીના ઉચ્છલના રાવજીબુંદા ગામના વતની અને હાલ માંડવી ખાતે રહી ગુજરાત ગેસ (PNG)માં હેલ્પર તરીકે કામ કરતા એલીશભાઇ રમેશભાઇ ગામીત (ઉં.વ.23) ગત 24મી સપ્ટેમ્બરે પોતાના મિત્ર ગણેશભાઈને મૂકવા પોતાની યુનિકોર્ન બાઈક નં.(GJ.26 AG 5919) પર વતન રાવજીબુંદા ગયા હતા. મિત્રને મૂકી રાત્રે આશરે 9:30 વાગ્યાના સુમારે તેઓ ઉકાઈથી ફેદરિયા થઈને માંડવી પરત ફરી રહ્યા હતા. દરમિયાન સરકુઈમાંથી પસાર થતી વખતે સામેથી પૂરઝડપે આવતી ટ્રક નં.(GJ 05 UU 6974)ના ચાલકે એલીશની બાઈકને ટક્કર મારી હતી. રસ્તા પર પટકાવાને કારણે એલીશને ગંભીર હાલતમાં તાત્કાલિક માંડવીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ, વધુ સઘન સારવાર માટે તેને સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યો હતો. જોકે, સારવાર દરમિયાન બીજા દિવસે એલીશનું મોત થયું હતું. આ ઘટના અંગે મૃતકના સાથી કર્મચારી અને મિત્ર રોહનભાઈ બોંદલીયાભાઈ ગામીતની ફરિયાદના આધારે માંડવી પોલીસે ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી મહિલા પીએસઆઇ કરિશ્માબેન પટેલ દ્વારા આરોપી ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયાં છે.

### બારડોલીના સાંકરી ખાતે નિ:શુલ્ક હેલમેટ વિતરણ કાર્યક્રમનું આયોજન

બારડોલી: સડક સુરક્ષા અંગે લોકોમાં જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી આગામી ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૬, સોમવારના રોજ બારડોલી-સુરત સ્થિત સાંકરી સ્વામિનારાયણ મંદિર (BAPS મંદિર)ના સભા હોલ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સવારે ૯થી ૯:30 કલાકની આસપાસ શરૂ થશે જેમાં નાગરિકોને માર્ગ અકસ્માત નિવારણ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ ઇવેન્ટ ‘ડિસ્ટ્રિક્ટ રોડ સેફ્ટી કમિટી’, ગુજરાત સરકાર, ગુજરાત પોલીસ અને ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળ (મોટર વાહન વિભાગ)ની પ્રેરણા અને સહયોગથી યોજાઈ રહી છે. આ ઉપરાંત ‘આવાસ ફાઇનાન્સિયર્સ લિમિટેડ’ અને ‘રાજસ્થાન સડક સુરક્ષા સોસાયટી’ દ્વારા સંયુક્ત રીતે ‘આવાસ યૂથ સડક સુરક્ષા શિક્ષા અને જાગરૂકતા અભિયાન’ અંતર્ગત આ ‘સડક સુરક્ષા અગ્રદૂત પ્રશિક્ષણ તેમજ નિ:શુલ્ક હેલમેટ વિતરણ કાર્યક્રમ’ ચલાવવામાં આવશે.

### નેત્રંગના કબીર ગામમાં દારૂ ઝડપાયો

નેત્રંગ: ગણેશ વિસર્જનના તહેવારને ધ્યાને રાખીને કાયદો અને વ્યવસ્થા જાળવવા PI વી.એસ.વણઝારાના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલા ખાસ પેટ્રોલિંગ દરમિયાન નેત્રંગ પોલીસને મોટી સફળતા મળી છે. બાતમીના આધારે પોલીસે કબીર ગામના નિશાળ ફળિયામાં રહેતા વસંત દિનેશભાઇ વસાવાના ઘરે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન ઘરની પાછળ આવેલા નવાણીયાની ઓથમાંથી એક પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી, જેમાંથી રૂ.૧૦,૮૦૦ની કિંમતની વિદેશી દારૂની ૪૮ સીલબંધ બોટલ જપ્ત કરાઇ હતી. દરોડા સમયે આરોપી વસંત વસાવા હાજર મળી આવ્યો ન હતો. નેત્રંગ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

### ખોલવડમાં યુવતીનો એસિડ પી આપઘાત

કામરેજ: મૂળ ઓડિશાના કળવાવાડી ગામના વતની અને હાલ કામરેજ તાલુકાના ખોલવડ ગામની હદમાં આવેલી ગુરુકુપા સોસાયટીમાં રામા લખન રેડી પરિવાર સાથે રહે છે. બે દિવસ અગાઉ રામા રેડીની પત્ની તેમજ બાળકો સાથે ગણપતિની સ્થાપના કરવામાં આવી હતી ત્યાં ગયા હતા. અને ઘરે પુત્રી બનીતા (ઉ.વર્ષ.20) રહેતા ઘરમાં વાસણ, કપડાં સાફસફાઈ કરવાનું કહેતા ખોટું લાગી આવતા એસિડ પી લીધો હતો. બપોરે 12 કલાકે ઘરે રામા રેડી આવતાં પુત્રીએ એસિડ પી લીધો હોવાનું જણાવતાં તાત્કાલિક ખોલવડની દીનબંધુ હોસ્પિટલમાં લઈ જવાંમાં આવી હતી. સારવાર દરમિયાન હોસ્પિટલમાં શુક્રવારના રોજ બપોરે 3.30 મોત નીપજતાં કામરેજ પોલીસએ અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કાવલી ગામના મહેન્દ્રસિંહ રણા એ.ઈ.આઈ. પરીક્ષામાં પ્રથમ



ભરૂચ: જંબુસરના કાવલીના વતની અને અંકલેશ્વર તાલુકાની કોસમડી કુમાર શાળાના આચાર્ય મહેન્દ્રસિંહ ભીખુભાઈ રણાએ તાજેતરમાં યોજાયેલી આસિસ્ટન્ટ એજ્યુકેશન ઇન્સ્પેક્ટર (એ.ઈ.આઈ.)ની પરીક્ષામાં ભરૂચ જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવ્યું છે. મહેન્દ્રસિંહ રણાએ પ્રાઇમરી ટીચર કોર્સ (પી.ટી.સી.)નો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ વર્ષ 2002માં પ્રાથમિક શાળામાં વિદ્યા સહાયક તરીકે ફરજ બજાવવાની શરૂઆત કરી હતી. સાથે સાથે કોલેજમાં ઉચ્ચ અભ્યાસ કરીને બી.એ.ની પદવી મેળવી હતી. ત્યારબાદ એચ.ટાટ. (HTAT) ની પરીક્ષા પાસ કરીને વર્ષ 2014માં આચાર્ય પદે બિરાજમાન થયા હતા. હવે બીટ નિરીક્ષક તરીકે સેવા આપશે.

### ઓલપાડ પોલીસની જુગારીઓ સામે કાર્યવાહી

સાયણ: ઓલપાડ પોલીસે ઓલપાડ અને સાયણ ટાઉનમાં રેઈડ કરી જુગાર રમતાં ૧૬ જુગારીને દબોચી લીધા છે. પોલીસ બંને રેઈડમાં આરોપીઓ પાસેથી કુલ રૂ.૭૪,૫૪૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. પ્રથમ જુગારમાં ઓલપાડના કરંજ રોડ પર ઝીલ એકવા પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમતા બિનય ચૌધરી અને ગુડ્ડુ સહાની, દિનાનાથ ચૌહાણ તથા ઓલપાડના નિહોરા નગરમાં રાજ ચૌહાણ, અમરજીત નિષાદ, તારાચંદ રાજભર અને બજરંગી નિષાદ તેમજ ટાઉનનાં અસનાબાદમાં રહેતો માનસિંગ ભારદ્વાજ મળી ૮ ઈસમ ઝડપાયા ગયા હતા. પોલીસે ગુના સ્થળ પરથી રોકડા રૂ.૧૪,૫૧૦ અને ૮ મોબાઈલ મળી કુલ રૂ.૬૨,૫૧૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાયણ આઉટપોસ્ટ પોલીસે આદર્શ નગર સોસાયટી-૨માં રેઇડ કરી હતી. પરિભવન એપાર્ટમેન્ટ સામેના મકાનના ધાબા પર જુગાર રમતા ઓરિસાના ગંજામના વતની ગજેન્દ્ર નાહક, શિવરામ પ્રધાન, ચંદન નાયક, રાજેશ નાયક, સૂર્યા નાહક, શંકર ગૌડા, રાજેશ નાહક અને પ્રમોદ બિશોઈનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી અંગજડતીના રૂ.૮,૨૭૦ અને દાવના રૂ.૩,૭૬૦ મળી કુલ રૂ. ૧૨,૦૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાર્યવાહી સાથે પોલીસે ૧૬ આરોપી વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં વિદ્યાર્થીઓને ભોજન ડિશનું વિતરણ

અંકલેશ્વર: અંકલેશ્વરના શારદા ભવન ટાઉન હોલ ખાતે પી.એમ. પોષણ યોજના અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૯ પ્રાથમિક શાળાના ૧૪૩૦ વિદ્યાર્થીને ભોજન માટેની ડિશ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીનગરના કમિશનર આનંદ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસે, જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતિબા રાઓલ, અંકલેશ્વર નગરપાલિકા પ્રમુખ જિગ્નેશ અંદાડિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# દૂધધારા ડેરીનો ‘ભાવસર્જક’ નિર્ણય કિલો ફેટે રૂ.૬૦ સુધીનો વધારો

**ભારત** સુગર બ્રાન્ડ હેઠળ ખાંડનું વેચાણ થશે અને મુંબઈ પ્લાન્ટની ક્ષમતા વધારાશે




ભરૂચ: ભરૂચ દૂધધારા ડેરીની 76મી વાર્ષિક સાધારણ સભા ચેરમેન ઘનશ્યામ પટેલના અધ્યક્ષ સ્થાને ધારાસભ્ય રમેશ મિસ્ત્રીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. દૂધના ભાવવધારા સહિત અનેક મહત્ત્વના નિર્ણયો લેવાયા હતા. ભરૂચ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દૂધધારા ડેરીના કમ્પાઉન્ડમાં 67મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાધારણ સભામાં મોટી સંખ્યામાં સભાસદો, તમામ ડિરેક્ટરો અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

સભામાં અધ્યક્ષ સ્થાનેથી ચેરમેન ઘનશ્યામ પટેલે સભાસદોની માંગણીને ધ્યાને રાખીને દર વર્ષના નિયમ મુજબ દૂધના ખરીદ ભાવમાં ઐતિહાસિક વધારો જાહેર કર્યો હતો. કિલો ફેટે ભેંસના દૂધના ખરીદ ભાવમાં 60નો વધારો આપી 900 કરાયો હતો. જ્યારે ગાયના દૂધમાં કિલો ફેટે 50 વધારી 885 કરાયો છે.

મુંબઈ ખાતે આવેલા દૂધધારા ડેરીના પ્લાન્ટમાં દહીં અને પનીરના ઉત્પાદનની ક્ષમતા વધારવા માટે પ્લાન્ટના વિસ્તરણને સભાસદો દ્વારા મંજૂરી આપવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સહકાર મંત્રી અમિત શાહની પહેલ હેઠળ નાગરિકોને વ્યાજબી ભાવે શુદ્ધ ખાંડ મળી રહે એ માટે દૂધધારા ડેરી, નર્મદા સુગર અને ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન વચ્ચે કરાર કરાશે.

નર્મદા સુગરની ઉત્તમ ગુણવત્તાવાળી ખાંડનું 1 કિલો અને 5 કિલોના પેકિંગમાં ભારત સુગર નામથી અમૂલ ફેડરેશન દ્વારા માર્કેટિંગ કરવામાં આવશે તેવી જાહેરાત પણ ચેરમેને સભામાં કરી હતી.

સભાસદોને બોનસની જાહેરાત સાથે દૂધ ઉત્પાદન વધારવા, વધુ ને વધુ દૂધ ડેરીમાં જમા કરાવવા, લક્ષ્યાંક વધારવા સહિતની હાંકલ પણ કરાઈ હતી. સાથે જ તેઓએ નવી કેડર ઊભી કરવા અને યુવાઓને તક આપવા પણ સભામાં સંકેત આપ્યા હતા.

# જૂના કોસંબામાં રેલવે ઓવરબ્રિજ પાસે કાર પાછળ બાઈક અથડાઈ

**બાઇકસવાર** બે ઘાયલ, દંપતીનો બચાવ

હથોડા: જૂના કોસંબામાં રેલવે ઓવરબ્રિજ પર 25 સપ્ટેમ્બરે સવારે આશરે 10:30 વાગ્યાના અરસામાં બાઈક કારની પાછળ અથડાઈ હતી. આ બનાવમાં બે જણા ઘાયલ થયા હતા. તો દંપતીનો બચાવ થયો હતો.

ધામડોદની પી.પી. સવાણી યુનિવર્સિટીના રજિસ્ટ્રાર સતીષ બસંતગૌડા બીરાદર કિયા સેલ્ટોઝ ગાડી નં.(GJ-19-BJ-9956) લઈ પત્નીને કોસંબા રેલવે સ્ટેશને મૂકવા જઈ રહ્યા હતા.

ત્યારે બ્રિજના વળાંક પર સામેથી પૂરઝડપે આવતી સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં.(GJ-19-AJ-2067)ના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કારચાલકે પોતાની ગાડી ડિવાઈડર તરફ દબાવી હોવા છતાં, બાઈકે કારની જમણી બાજુએ જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક ચાલક બલરામ રામનિવાસી યાદવ (રહે.,કુંવરદા, મૂળ યુ.પી.) અને પાછળ બેઠેલા અરવિંદ બંધનુ હુરાઉ (રહે.,માંગરોળ, મૂળ ઝારખંડ) રોડ પર પટકાતાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સ મારફતે બંને ઈજાગ્રસ્તને સારવાર અર્થે કોસંબાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કારમાં સવાર દંપતીનો આબાદ બચાવ થયો હતો, પરંતુ કારનું ટાયર ફાટી ગયું હતું અને મોટરસાઈકલને પણ નુકસાન થયું હતું. આ અંગે કોસંબા પોલીસ સ્ટેશનમાં બાઈક ચાલક બલરામ યાદવ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હેડ કોન્સ્ટેબલ કિશનકુમાર ચૌહાણે આ મામલે આગળની તપાસ હાથ ધરી છે.

# બારડોલીના ધામડોદ લુંભા ગામે યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

બારડોલી: બારડોલીના ધામડોદ લુંભામાં યુવાને લોખંડની એંગલ સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ધામડોદ લુંભા ગામના જોગી ફળિયામાં રહેતા વિપુલભાઈ સુરેશભાઈ રાઠોડ (ઉં.વ.૩૪)એ ગત તા.૨૫ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫ વાગ્યા પહેલા અગમ્ય કારણસર પોતાના ઘરના રસોડામાં લોખંડના એંગલ સાથે ઓઢણી બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. પરિવારના સભ્યોને આ અંગે જાણ થતાં તેઓ ઊંડા આઘાતમાં સરી પડ્યા હતા. યુવાને કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. આ ઘટના અંગે ખેતમજૂરી કરતા મધુબેન સુરેશભાઈ હળપતિ (ઉં.વ.૫૫) દ્વારા બારડોલી ટાઉન પોલીસ મથકમાં જાણ કરવામાં આવી હતી. પોલીસે સાંજે ૬:૩૦ વાગ્યે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. હાલમાં આ બનાવની વધુ તપાસ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. કાર્તિકભાઈ ઈશ્વરભાઈ ચલાવી રહ્યા છે.

# કેવડિયા કોલોનીમાં ઘરમાં ગેરકાયદે પ્રવેશ કરી મહિલા પર હુમલો

રાજપીપળા: કેવડિયા કોલોનીમાં મહિલા સાથે મારપીટ કરવા તથા તેની દીકરીને ભગાડી જવા અંગેનો ગંભીર બનાવ સામે આવ્યો છે. કેવડિયા કોલોની ખાતે રહેતા ૫૨ વર્ષીય મહિલાએ નરેન્દ્રભાઈ બુધાની સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર ગત ૧૫ સપ્ટેમ્બરે આરોપી નરેન્દ્રભાઈ બુધાની ફરિયાદીના ઘરે આવ્યો હતો અને તેમની ૨૪ વર્ષીય દીકરી સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ સામાજિક કારણોસર ફરિયાદીના પરિવારે આ લગ્ન માટે સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. ત્યારબાદ, ૨૫ સપ્ટેમ્બરે રાત્રિના આશરે સાડા આઠ વાગ્યાના સુમારે આરોપી નરેન્દ્ર બુધાની ફરિયાદીના ઘરમાં ગેરકાયદે રીતે પ્રવેશી ગયો હતો. તે સમયે ફરિયાદીની દીકરી તેની સાથે ઘર છોડીને ભાગી રહી હતી. ફરિયાદીએ પોતાની દીકરીને રોકવા અને પકડવા પ્રયાસ કરતાં આરોપીએ તેમને જોરથી ધક્કો માર્યો હતો. જેના કારણે તેમને ડાબા હાથના કાંડાના ભાગે અને શરીરે મૂઢ ઈજા પહોંચી હતી. આરોપી ફરિયાદીની દીકરીને ભગાડી ગયો હતો અને જતાં-જતાં હત્યાની ધમકી આપી હતી.

# ઓલપાડના દિહેણના તળાવમાં ડૂબી જવાથી યુવાનનું મોત

**શ્રીજીની** મૂર્તિના વિસર્જન માટે તળાવનું ઊંડું પાણી ચેક કરવા જતાં પગ લપસ્યો ને ડૂબી ગયો


જયેશ પટેલ

સાયણ: ઓલપાડના દિહેણ ગામે ૩૧ વર્ષીય યુવક ચિરાગ પટેલ ‘શ્રીજી’ની મૂર્તિનું વિસર્જન કરવા તળાવનું પાણી કેટલું ઊંડું છે? તે ચેક કરવા પાણીમાં ડૂબકી મારતી વેળા પગ લપસતાં તેનું ડૂબી જવાથી મોત થયું હતું. ચિરાગ તેના પરિવારમાં બે બહેન વચ્ચે એકનો એક ભાઈ હતો. તેના અકાળે અવસાનથી પરિવાર ઉપર આભ તૂટી પડ્યું હતું. આ દુઃખદ ઘટનાથી દિહેણ ગામ સહિત તળપદા કોળી પટેલ સમાજમાં શોકનો માહોલ છવાયો છે. દિહેણ ગામે જપ્તીસાથ ફળિયામાં ચિરાગ બળવંતભાઈ પટેલ (ઉં.વ.૩૧) રહેતો હતો. ચિરાગ ચિરાગ હાલમાં ગુજરાત ગેસ કંપનીમાં કોન્ટ્રાક્ટ બેઈઝ ઉપર નોકરી કરતો હતો અને તેણે હાલમાં સુરત મહાનગરપાલિકા ફાયર વિભાગની પરીક્ષા પણ આપી હતી. ચિરાગ ગત શુક્રવાર, તા.૨૫ના રોજ ગણેશ ભક્તો બપોર ૩ વાગ્યાના સુમારે ગામના તળાવના પાણીમાં બાપ્પાની પ્રતિમાનું વિસર્જન કરવા ગયા હતા, ત્યારે આ તળાવનું પાણી કેટલું ઊંડું છે તેનો અંદાજ માપવા ચિરાગે તળાવની પાળ પરથી પાણીમાં ડૂબકી લગાવી હતી. પરંતુ તળાવના કિનારે કૃત્રિમ ઓવરો ન હોવાથી ચિરાગનો પગ લપસ્યો હતો અને પાણીમાં ડૂબકી મારતાની સાથે જ તે ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા ચિરાગનું મોત થયું હતું.

# હનુમંતિયા ગામમાં શિકારની લાલચમાં દીપડો પાંજરે પુરાયો



સોનગઢ: સોનગઢના હનુમંતિયા ગામે મારણની લાલચમાં એક દીપડો વન વિભાગ દ્વારા ગોઠવવામાં આવેલા પાંજરામાં ફસાઈ ગયો છે.

ત્રણ દિવસ અગાઉ પણ નજીકના ટોકરવા ગામે દીપડો ઘર પાસે કેમેરામાં કેદ થયો હતો, જેને પગલે વન વિભાગ દ્વારા સતર્કતા દાખવી હનુમંતિયા ગામના નિશાળ ફળિયામાં પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. આશરે ચાર વર્ષની વયનો આ દીપડો સવારના સુમારે પાંજરામાં મુકેલા મારણની લાલચમાં આવીને અંદર પહોંચતા જ ઝડપાઈ ગયો હતો. દીપડો પાંજરે પુરાયાની જાણ થતાં જ આસપાસના ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો અને ઘટના સ્થળે દીપડાને જોવા માટે લોકટોળું ઊમટી પડ્યું હતું. વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને સુરક્ષિત રીતે દીપડાનો કબજો મેળવ્યો હતો. આગામી દિવસોમાં આ દીપડાને સુરક્ષિત જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરવામાં આવશે.

# કડોદરામાં બંધ રૂમમાંથી લાશ મળી

પલસાણા: કડોદરા સ્થિત મગનજી પાર્કના એક બંધ રૂમમાંથી ૪૬ વર્ષીય આધેડ મુખલાલ હલી યાદવનો ડી-કમ્પોઝ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મૂળ ઉત્તરપ્રદેશના દેવરીયાના વતની મુખલાલ યાદવ મગનજી પાર્કમાં ભાડાના રૂમમાં એકલા રહેતા હતા અને અગમ્ય કારણોસર મોતને ભેટ્યા હતા. ઘટનાની જાણ મૃતકના સંબંધી ચંદ્રભાન યાદવે કરતાં કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી કાર્યવાહી હાથ ધરી છે. હાલમાં અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# આમોદ પાસે ઢાઢર નદીમાં મગર જોવા મળ્યો



ભરૂચ: આમોદ-જંબુસર રોડ પરથી પસાર થતા સમયે ઢાઢર નદીમાં મગર જોવા મળ્યો હતો. મગરને જોવા માટે ઢાઢર નદી પરથી પસાર થતા બાઈક ચાલકો તેમજ ફોરવ્હીલ ચાલકો વાહન રોકીને રેલિંગની આગળ જઈ જોખમી રીતે નદી તરફ નજર કરતા જોવા મળ્યા હતા. આ દૃશ્યો પણ કેમેરામાં કેદ થયા છે. જોકે, મગર નજીક હોવાના કારણે લોકો માટે જોખમ ઊભું થઈ શકે છે.

ત્યારે મગરને જોવા માટે રેલિંગની આગળ ન જવા અને સુરક્ષિત અંતર જાળવવા તંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવે એ જરૂરી છે.